# BCCI નેશનલ સ્પોર્ટ્સ ગવર્નન્સ એક્ટ હેઠળ કેમ ન આવી શકે? : સુપ્રીમનો સવાલ

**સુપ્રીમ** કોર્ટની ખંડપીઠે બીસીસીઆઇ અને રાજ્ય ક્રિકેટ એસોસિએશનને આ એક્ટ હેઠળ કેમ ન આવરવામાં આવે એવો સવાલ કર્યો

નવી દિલ્હી,તા. 09 (PTI) : સુપ્રીમ કોર્ટે બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા (બીસીસીઆઇ) અને તમામ રાજ્ય ક્રિકેટ એસોસિએશનોને પૂછ્યું છે કે તેમને 'નેશનલ સ્પોર્ટ્સ ગવર્નન્સ એક્ટ, ૨૦૨૫' હેઠળ કેમ ન આવરી લેવામાં આવે? મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્ય કાંત, ન્યાયમૂર્તિ જોયમાલ્ય બાગચી અને ન્યાયમૂર્તિ વી. મોહનાની ખંડપીઠે મંગળવારે બીસીસીઆઈ મામલે કેટલીક ક્રિકેટ સંસ્થાઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુનાવણી કરતી વખતે આ અવલોકન કર્યું હતું.

ખંડપીઠે બીસીસીઆઈ અને રાજ્ય ક્રિકેટ એસોસિએશનો વતી હાજર રહેલા વકીલોને એ અંગે સૂચનાઓ મેળવવા જણાવ્યું હતું કે તેમના હોદ્દેદારોની સેવાની શરતો અને નિયમોને ૨૦૨૫ના આ કાયદા હેઠળ કેમ ન લાવવામાં આવે. સર્વોચ્ચ અદાલત 2014થી બીસીસીઆઈ સંબંધિત એક અરજી પર સુનાવણી કરી રહી છે અને આ મામલે સમયાંતરે અનેક અરજીઓ દાખલ થતી રહી છે. સર્વોચ્ચની અદાલતે અગાઉ પૂર્વ સીજેઆઈ જસ્ટિસ આર. એમ. લોઢાના નેતૃત્વમાં એક સમિતિની રચના કરી હતી, જેણે આ ધનાઢ્ય ક્રિકેટ સંસ્થા માટે બંધારણ ઘડવા સહિતના સુધારાત્મક પગલાં સૂચવ્યા હતા.

અદાલતે સમિતિ દ્વારા કરવામાં આવેલી શિફારસોને સ્વીકારી હતી, જેમાં બીસીસીઆઈના માળખા, સંસ્થા અને કામગીરીમાં સુધારાની જોગવાઈ કરવામાં આવી હતી. સપ્ટેમ્બર 2022માં, સર્વોચ્ચ અદાલતે બીસીસીઆઈના બંધારણમાં સુધારાની મંજૂરી આપી હતી અને જણાવ્યું હતું કે હોદ્દેદાર ત્રણ વર્ષના કૂલિંગ-ઓફ પિરિયડ પહેલાં સતત 12 વર્ષનો કાર્યકાળ ધરાવી શકે છે, જેમાં રાજ્ય એસોસિએશનમાં છ વર્ષ અને બીસીસીઆઈમાં છ વર્ષનો સમાવેશ થાય છે. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે કોઈ હોદ્દેદાર રાજ્ય એસોસિએશન અને બીસીસીઆઈ બંને સ્તરે ચોક્કસ પદ પર સળંગ બે કાર્યકાળ માટે સેવા આપી શકે છે, જે પછી તેમણે ફરજિયાતપણે ત્રણ વર્ષનો કૂલિંગ-ઓફ પિરિયડ ગાળવો પડશે. અગાઉ સર્વોચ્ચ અદાલત દ્વારા મંજૂર કરાયેલા બીસીસીઆઈના બંધારણમાં જોગવાઈ હતી કે રાજ્ય ક્રિકેટ એસોસિએશન અથવા બીસીસીઆઈમાં સતત ત્રણ-ત્રણ વર્ષના બે કાર્યકાળ પૂર્ણ કરનાર કોઈપણ વ્યક્તિ માટે ત્રણ વર્ષનો કૂલિંગ-ઓફ પિરિયડ ફરજિયાત રહેશે.

## યુએસ ઓપન: શેલ્ટને અલ્કારાઝની ટાઇટલ ડિફેન્ડ યાત્રા રોકી

**4 કલાક** 28 મિનિટની પાંચ સેટની મેરેથોન મેચમાં શેલ્ટને અલ્કારાઝને હરાવ્યો, ટિયાફો પણ સેમીમાં પ્રવેશ્યો

**અલ્કારાઝ-શેલ્ટન** વચ્ચેની મેચ 3.33 વાગ્યે પૂરી થતાં યુએસ ઓપનની સૌથી મોડી પુરી થનારી મેચ બની

**પેગુલાએ** પહેલો સેટ ગુમાવ્યા પછી વાપસી કરીને નવારોને હરાવી સેમીમાં પ્રવેશી, જ્યાં સબાલેન્કા સાથે મુકાબલો



ન્યૂયોર્ક, તા. 09 (AP) : બેન શેલ્ટને પાંચ થકવી દેનારા સેટ્સ સુધી કાર્લોસ અલકારાઝ સામે બરાબરીનો મુકાબલો રમીને આખરે બુધવારે પરોઢિયે 3:33 વાગ્યે ડિફન્ડીંગ યુએસ ઓપન ચેમ્પિયનનું રાજ સમાપ્ત કર્યું હતું. આ તરફ ફ્રાન્સિસ ટિયાફોએ મંગળવારે એલેક્સ મિશેલસેનને હરાવી અંતિમ ચારમાં નામ લખાવ્યું હતું. મહિલા સિંગલ્સમાં નંબર વન સબાલેન્કાએ લિન્ડા નોસ્કોવા સામેની હારને ટાળીને સેમીમાં એન્ટ્રી કર્યા પછી રમાયેલી મેચમાં જેસિકા પેગુલાએ પણ એમ્મા નવારો સામે પહેલો સેટ ગુમાવ્યા પછી વાપસી કરીને મેચ જીતી સેમી ફાઇનલમાં એન્ટ્રી કરી હતી.

શેલ્ટને 146 માઇલ પ્રતિ કલાકની ઝડપે એક એવો 'એસ' ફટકાર્યો કે જો અલકારાઝ સહેજ પણ થાક્યા વગર પૂરી તાજગી સાથે રમતો હોત તો પણ તેને પાછો મોકલી શક્યો ન હોત. આ સાથે જ શેલ્ટને 6-7, 6-1, 6-3, 1-6, 7-6થી આ મેરેથોન મુકાબલામાં જીત મેળવી. અલકારાઝનો ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટ્સમાં સતત 18 મેચ જીતવાનો સિલસિલો 4 કલાક અને 28 મિનિટ ચાલેલી આ મેચમાં થમી ગયો. આ મેચ યુએસ ઓપનના ઈતિહાસમાં સૌથી મોડી પૂરી થનારી મેચ બની ગઈ છે. આ પહેલાં US ઓપનમાં સૌથી મોડી પૂરી થયેલી મેચમાં પણ અલકારાઝ રમ્યો હતો, જ્યારે તેણે 2022ની ક્વાર્ટર ફાઇનલમાં જાનિક સિનરને હરાવ્યો હતો. તે મેચ રાત્રે 2:50 વાગ્યે પૂરી થઈ હતી.

શેલ્ટનનો સામનો 11મી સીડ ધરાવતા ફ્રાન્સિસ ટિયાફો સામે થશે, જેણે મંગળવારે એલેક્સ મિશેલસેન સામે બે સેટ ગુમાવ્યા પછી વાપસી કરીને 5-7, 3-6, 7-5, 6-3, 7-6થી જીત મેળવી પોતાની ત્રીજી યુએસ ઓપન સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. વર્ષ 2003માં એન્ડી રોડિકે અહીં ખિતાબ જીત્યો હતો તે પછી કોઇ અમેરિકન પુરુષ મેજર ટાઇટલ જીત્યો નથી, અને આ જીત સાથે રવિવારની ફાઇનલમાં અમેરિકાનો એક પ્રતિનિધિ હોવાનું નિશ્ચિત થઈ ગયું છે. મહિલા સિંગલ્સમાં ત્રીજી ક્રમાંકિત પેગુલાએ એક સેટની ખોટમાંથી બહાર નીકળીને 26મી ક્રમાંકિત એમ્મા નાવારોને 3-6, 6-4, 6-3થી હરાવી હતી.

## મહિલા એશિયા કપ : આજે બાંગ્લાદેશ સામેની સેમી ફાઇનલમાં ભારત ફેવરિટ

**મજબૂત** બેટિંગ યુનિટ અને બોલિંગનું વૈવિધ્ય સાત વખતની ચેમ્પિયન ભારતીય મહિલા ટીમને પ્રબળ દાવેદાર બનાવે છે

**રાત્રે 8.00** વાગ્યાથી શરૂ થનારી મેચનું જીવંત પ્રસારણ સોની સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ સોની લીવ પર



દુબઈ, તા. 09 (પીટીઆઇ) : સાત વખતની ચેમ્પિયન ભારતીય ટીમ ગુરુવારે અહીં રમાનારી મહિલા એશિયા કપની પહેલી સેમી ફાઈનલમાં લડાયક બાંગ્લાદેશ સામે મેદાનમાં ઉતરશે ત્યારે તે પ્રબળ દાવેદાર તરીકે શરૂઆત કરશે. આ હાઈ-સ્ટેક મુકાબલો મેદાન પરની તીવ્ર હરીફાઈ અને આંતરિક રાજકીય પૃષ્ઠભૂમિથી ઘેરાયેલો છે.

બાંગ્લાદેશમાં રાજકીય પરિવર્તનો પછી નવી દિલ્હી અને ઢાકા વચ્ચેના રાજદ્વારી સંબંધોમાં તણાવ આવ્યો છે. ભૂતકાળમાં પણ બંને પડોશી દેશો વચ્ચેની તંગદિલી ક્રિકેટના મેદાન પર જોવા મળી છે, અને આ ટ્રેન્ડ ચાલુ રહેવાની શક્યતા છે. ક્રિકેટની વાત કરીએ તો, હરમનપ્રીત કૌરની ટીમ આ સમગ્ર ટૂર્નામેન્ટમાં શાનદાર ફોર્મમાં રહી છે. ગ્રુપ A માં પોતાની તમામ મેચો જીતીને તે ટોચ પર રહી છે, અને વધુ એક એશિયન ટાઇટલ તરફ એક કદમ આગળ વધવા માટે તેને પ્રબળ દાવેદાર માનવામાં આવે છે.

ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી ભારતનું પ્રદર્શન દબદબાભર્યું રહ્યું છે, જેમાં સૌથી ખાસ વાત પરંપરાગત હરીફ પાકિસ્તાન સામે ગ્રુપ સ્ટેજમાં મળેલી શાનદાર જીત હતી. ભારતે પાકિસ્તાનને માત્ર 55 રનમાં ઓલઆઉટ કરીને સાત વિકેટે આસાન વિજય મેળવ્યો હતો. આનાથી વિપરીત, બાંગ્લાદેશની સેમિફાઇનલ સુધીની સફર સંઘર્ષપૂર્ણ રહી છે કારણ કે તેમના પ્રદર્શનમાં ભારત જેવો સંપૂર્ણ દબદબો જોવા મળ્યો ન હતો.

ભારતનું બેટિંગ યુનિટ ખૂબ મજબૂત દેખાય છે. સ્મૃતિ મંધાના અને વિસ્ફોટક ઓપનર શેફાલી વર્માની જોડી ધમાકેદાર શરૂઆત અપાવી રહી છે. કેપ્ટન હરમનપ્રીત અને આક્રમક વિકેટકીપર-બેટર ઋચા ઘોષ દ્વારા સંભાળવામાં આવતું મિડલ ઓર્ડર ટીમને સ્થિરતા અને ડેથ ઓવરોમાં ઝડપી રન બનાવવાની ક્ષમતા બંને પૂરી પાડે છે. બોલિંગ વિભાગમાં ભારત પાસે શાનદાર વૈવિધ્ય અને ઊંડાણ છે. તીક્ષ્ણ દેપ્તિ શર્મા, રાધા યાદવ અને શ્રી ચરાણીની ચતુર ભિન્નતાઓ સાથે મળીને વિરોધી બેટર્સને પોતાની સ્પિન જાળમાં ફસાવી રહી છે. ફાસ્ટ બોલિંગની આગેવાની કરતી રેણુકા સિંહ નવા બોલ સાથે ઘાતક સાબિત થઈ છે.

## ચાર બદલાવ સાથે ત્રીજી ટેસ્ટમાં ઉતરેલું પાકિસ્તાન 113 રનમાં ઓલઆઉટ

**ત્રીજી** ટેસ્ટના પહેલા દિવસે માત્ર દોઢ સેશનમાં ટંગ, આર્ચર અને રોબિન્સને પાકિસ્તાનનો વિંટો વાળી દીધો



બર્મિંઘમ, તા. 09 : ઈંગ્લેન્ડ સામે આજે બુધવારથી અહીં શરૂ થયેલી ત્રીજી અને અંતિમ ટેસ્ટના પહેલા જ દિવસે પાકિસ્તાન ક્રિકેટ ટીમનો બેટિંગ ઓર્ડર માત્ર દોઢ સેશનમાં ધરાશાયી થયો હતો અને પ્રથમ દાવમાં તેઓ માત્ર 113 રનમાં ઓલઆઉટ થઈ ગયા હતા.

બે ટેસ્ટમાં હાર્યા પછી સાત ખેલાડીઓને ડ્રોપ કરીને ત્રણ યુવા ખેલાડીઓને ડેબ્યૂ આપીને કુલ ચાર ફેરફાર સાથે પાકિસ્તાની ટીમ ત્રીજી ટેસ્ટમાં મેદાને ઉતરી હતી. જેમાં ગાઝી ગૌરીને નવા વિકેટકીપર-બેટ્સમેન તરીકે ડેબ્યુ કરાવાયું હતું જ્યારે જમણા હાથના ઝડપી બોલરો મોહમ્મદ ઈમરાન રંધાવા અને રઝાઉલ્લાહ ખાને પણ આ ટેસ્ટમાં ડેબ્યુ કર્યું હતું. આ ઉપરાંત ઈમામ ઉલ હકના સ્થાને સેમ અયુબનો પણ પ્લેઈંગ ઈલેવનમાં સમાવેશ કરાયો હતો. ઈંગ્લેન્ડે ટોસ જીત્યા પછી ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યા પછી પાકિસ્તાની ટીમ પ્રથમ દાવ લેવા ઉતરી હતી અને પહેલા કલાકમાં જ તેના ટોપ ઓર્ડરના ચાર બેટ્સમેન પેવેલિયન ભેગા થઈ ગયા હતા. આ મેચ પહેલા પાકિસ્તાની કેપ્ટન બાબર આઝમે પ્રેસ કોન્ફરન્સમાં ભૂતકાળના રેકોર્ડ ગણવીને બડાઈ હાંકી હતી પણ મેદાન પર તેના ખેલાડીઓ તેવું પ્રદર્શન કરી શક્યા નહોતા અને . ઈંગ્લેન્ડના ઝડપી બોલરોએ પાકિસ્તાની બેટિંગ લાઈનઅપને ધ્વસ્ત કરી દીધી હતી. ઈંગ્લેન્ડ વતી જોશ ટંગે ચાર જ્યારે ઓલિ રોબિન્સન અને જોફ્રા આર્ચરે ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી.

| પાકિસ્તાન પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| અયુબ LB બો.રોબિન્સન | 0 | 10 | 0 | 0 |
| અવૈસ કો.ટંગ બો.આર્ચર | 9 | 20 | 2 | 0 |
| શફીક કો.લૌરેન્સ બો.રોબિન્સન | 3 | 16 | 0 | 0 |
| મસૂદ કો.વાઇલી બો.આર્ચર | 5 | 7 | 1 | 0 |
| બાબર બોયટંગ | 7 | 18 | 1 | 0 |
| શકીલ બો.ટંગ | 43 | 47 | 7 | 0 |
| ઘાઝી LB બો.ટંગ | 4 | 5 | 1 | 0 |
| ઇમરાન બો.ટંગ | 5 | 14 | 0 | 0 |
| રઝાઉલ્લા કો.ડકેટ બો.રોબિન્સન | 11 | 11 | 2 | 0 |
| અબ્બાસ કો.બ્રુક બો.આર્ચર | 21 | 36 | 4 | 0 |
| અલી નોટઆઉટ | 5 | 19 | 0 | 0 |
| વધારાના | 20 | | | |
| કુલ (33.5 ઓવરમાં ઓલઆઉટ) | 133 | | | |

**વિકેટપતન :** 1-8, 2-14, 3-24, 4-26, 5-48, 6-64, 7-84, 8-101, 9-107, 10-133

| બોલિંગ : | O | M | R | W |
|---|---|---|---|---|
| ઓલી રોબિન્સન | 11 | 5 | 15 | 3 |
| જોફ્રા આર્ચર | 7.5 | 2 | 25 | 3 |
| ગસ એટકિન્સન | 5 | 1 | 31 | 0 |
| જોશ ટંગ | 10 | 1 | 42 | 4 |

## ઈસ્ટ ઝોન મોટી સરસાઈને પગલે દુલીપ ટ્રોફી ફાઈનલ જીતવાની નજીક



**ઇસ્ટ** ઝોનના 708 રનના સ્કોર સામે તિલક વર્માના 99 રન છતાં સાઉથ ઝોન 336 રનમાં ઓલઆઉટ

**કિશનની** બીજા દાવમાં અર્ધસદીની મદદથી ઇસ્ટ ઝોને કુલ સરસાઇ 584 રન સુધી પહોંચાડી

ચેન્નાઈ, તા. 09 (પીટીઆઈ) : દુલીપ ટ્રોફી ફાઈનલમાં આજે બુધવારે ચોથા દિવસે સાઉથ ઝોનના કેપ્ટન તિલક વર્માની 99 રનની ઈનિંગ છતાં ઈસ્ટ ઝોને કેપ્ટન ઈશાન કિશનના બીજા દાવમાં 80 રનની મદદથી ટાઈટલ લગભગ સીલ કરી દીધું હતું.

તિલકના 211 બોલમાં 99 રન છતાં, ઈસ્ટ ઝોનના પ્રથમ દાવના કુલ 708 રનના જવાબમાં સાઉથ ઝોન 336 રનમાં ઓલઆઉટ થઈ જતાં ઈસ્ટ ઝોને 372 રનની સરસાઇ મેળવી હતી. ઈસ્ટ ઝોને તે પછી ફોલો-ઓન લાગુ ન કરીને બીજા દાવમાં બેટિંગ કરવાનો નિર્ણય લઈ પાંચ વિકેટે 212 રન બનાવીને કુલ સરસાઈ 584 રન સુધી પહોંચાડી હતી. સ્ટમ્પ સમયે કુમાર કુશાગ્ર 34 અને કોનેન કુરેશી 26 રને ક્રિઝ પર હતા. બંનેએ છઠ્ઠી વિકેટ માટે 52 રનની નોટઆઉટ ભાગીદારી નોંધાવી હતી. આવતીકાલે મેચનો છેલ્લો દિવસ છે અને પ્રથમ ઈનિંગમાં મળેલી મોટી સરસાઈને કારણે, ઈસ્ટ ઝોનનું ખિતાબ જીતવું લગભગ નિશ્ચિત છે.

પહેલી ઈનિંગમાં 270 રન બનાવનાર કિશન ૯૮ બોલની ઈનિંગ દરમિયાન સંપૂર્ણપણે શાંત દેખાતો હતો. આ પહેલા, દર્શકોને ગઈકાલના 56 રનના સ્કોર પછી રમવા આવેલા તિલકની સદી પણ જોવા મળી ન હતી. દિવસની શરૂઆત છ વિકેટે 242 રનથી કરનાર સાઉથ ઝોને તેની ઈનિંગને કારણે 300 રનનો આંકડો પાર કરવામાં સફળતા મેળવી.

## ભારત-એ વન ડે ટીમમાં હાર્દિક પંડ્યા ઋતુરાજની કેપ્ટન્સી હેઠળ રમશે

**ઓસ્ટ્રેલિયા-એ** સામેની વન ડે સીરિઝ માટે ભારત-એ ટીમમાં હાર્દિક પંડ્યાનો સમાવેશ, જો કે તેની ભાગીદારી ફિટનેસ પર આધારિત



નવી દિલ્હી, તા. 09 : સીનિયર ભારતીય ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાને ઓક્ટોબરમાં ઓસ્ટ્રેલિયાઃએ સામેની ત્રણ મેચની વન ડે સીરિઝ માટે ભારત-એ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે, પરંતુ તેની ભાગીદારી તેની સંપૂર્ણ ફિટનેસ પર આધાર રાખશે, એમ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) એ બુધવારે જણાવ્યું હતું.

પંડ્યાએ છેલ્લે ઈન્ડિયન પ્રીમિયર લીગની છેલ્લી સીઝનમાં મુંબઈ ઈન્ડિયન્સ માટે સ્પર્ધાત્મક મેચ રમી હતી. ૩૨ વર્ષીય ખેલાડી ત્યારથી વિવિધ ઈજાઓને કારણે સ્પર્ધાત્મક ક્રિકેટથી બહાર છે. તે હાલમાં જાંઘની ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો છે. ઓસ્ટ્રેલિયા-એનો ભારત પ્રવાસ 22 સપ્ટેમ્બરે પુડુચેરીમાં એક મલ્ટી-ડે મેચથી શરૂ થશે, જ્યારે બીજી મેચ 29 સપ્ટેમ્બરથી તે જ સ્થળે રમાશે.

બહુ-દિવસીય મેચો પછી પુડુચેરીમાં ત્રણ મેચની વન ડે સીરિઝ 6, 9 અને 11 ઓક્ટોબરના રોજ રમાશે. ભારતની સિનિયર ટીમ 27 સપ્ટેમ્બર, 30 અને 3 ઓક્ટોબરના રોજ વેસ્ટ ઈન્ડિઝ સામે ત્રણ મેચની વનડે સીરિઝ પણ રમશે.

દેવદત્ત પડિકલ મલ્ટી-ડે સીરિઝમાં ભારત-એનું નેતૃત્વ કરશે જ્યારે ઋતુરાજ ગાયકવાડને મર્યાદિત ઓવરની ટીમની કમાન સોંપવામાં આવી છે. પગની ઈજામાંથી સ્વસ્થ થયા બાદ, સાઈ સુદર્શનને બહુ-દિવસીય મેચો માટે ઈન્ડિયા એ ટીમનો વાઈસ કેપ્ટન તરીકે બનાવાયો છે.

**ઈન્ડિયા એ મલ્ટી-ડે મેચ ટીમ**

દેવદત્ત પડીક્કલ (કેપ્ટન), સાઈ સુદર્શન (વાઇસ કેપ્ટન), અમન મોખાડે, આયુષ પાંડે, યશ રાઠોડ, શેખ રશીદ, કુમાર કુશાગ્ર (વિકેટકીપર), શમ્સ મુલાની, તનુષ કોટિયન, તુષાર દેશપાંડે, અંશુલ કંબોજ, પ્રફુલ્લ હિંગે, એન જગદીશન (વિકેટકીપર), નચિકેત ભૂતે, વી વ્યાપક.

**ઈન્ડિયા-એ વન ડે ટીમ**

રઋતુરાજ ગાયકવાડ (કેપ્ટન), દેવદત્ત પડિક્કલ (વાઇસ કેપ્ટન), પ્રિયાંશ આર્ય, સાઈ સુદર્શન, રજત પાટીદાર, કુમાર કુશાગ્ર (વિકેટકીપર), નિશાંત સિંધુ, વિપરાજ નિગમ, અર્શીન કુલકર્ણી, અરશદ ખાન, નમન ધીર, હાર્દિક પંડ્યા, પ્રભસિમરન સિંહ (વિકેટકીપર), ગર્જપનીત સિંહ, યશ ઠાકુર.

### સુડોકુ ૪૨૬૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૯ | ૫ | | ૩ | ૨ | ૮ | ૬ |
| | | ૨ | ૬ | | ૮ | | ૫ | |
| ૫ | | ૮ | | | | ૩ | ૪ | ૭ |
| ૨ | ૭ | ૫ | ૩ | | | ૪ | ૧ | ૮ |
| | ૮ | | | | ૫ | ૬ | | |
| | | | ૧ | | ૭ | | ૨ | |
| | | | ૮ | ૧ | ૬ | | ૩ | ૫ |
| ૮ | ૫ | ૭ | | ૩ | ૨ | ૧ | | ૪ |
| | | ૩ | ૭ | | ૪ | | ૯ | ૨ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોકસમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**માથાનો દુખાવો**

પથ્યાદિ ક્વાથ ઉત્તમ ઉપાય છે. હરડે, બહેડાં, આમળા, કરિયાતું, હળદર, ગળો, લીમડાની અંતરછાલ સરખા ભાગે લઈ દોદરૂ ચૂર્ણ કરવું. તેમાંથી 15 ગ્રામ ચૂર્ણ ત્રણસો ગ્રામ પાણીમાં ઉકાળીને, આશરે 70 ગ્રામ બાકી રહે ત્યારે ગાળી લઇ પી જવું. કબજિયાત હોય તો તેમાં 5 ગ્રામ હરડે ચૂર્ણ ઉમેરવું. દિવસમાં ત્રણ વાર લેવું. આધાશીશી, આંખ, કાન, નાક, લમણાંનું શૂળ મટશે.

### અનુસંધાન ... પાના પહેલાનું

**નોટિસ ઇશ્યૂ...**

બિશ્વજીત ભટ્ટાચાર્યએ દલીલ કરી હતી કે અધિકારીઓએ વિદ્યાર્થીઓ પર કાયદાકીય 'પ્રયોગો' કરવાનું બંધ કરવું જોઈએ અને મેજિસ્ટ્રેટે પાછળથી નોટિસ રદ કરી દીધી હોવા છતાં, તે સુપ્રીમ કોર્ટના આદેશનો સ્પષ્ટ અનાદર છે. માત્ર નોટિસ પાછી ખેંચી લેવાથી અધિકારીઓ કોર્ટના અનાદરના ગુનામાંથી મુક્ત થઈ શકતા નથી. ઉલ્લેખનીય છે કે નીટ (NEET) પેપર લીક ધાંધલીના વિરોધમાં 1 જાન્યુઆરીથી 36 દિવસ સુધી પ્રદર્શન ચાલ્યું હતું. સુપ્રીમ કોર્ટે 1 સપ્ટેમ્બરે બંધારણની કલમ 142નો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને વિરોધ પ્રદર્શન સંબંધિત તમામ FIR રદ કરી દીધી હતી અને સ્પષ્ટ આદેશ આપ્યો હતો કે કોઈપણ વિદ્યાર્થી સામે કોઈ પીડાદાયક કે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે નહીં.

**ઈરાન યુદ્ધ ભયાનક...**

હતી કે, 'ઈરાન અમેરિકી યુદ્ધ જહાજોને નિશાન બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, અને જ્યારે પણ તેઓ આવું કરશે, તેમણે પોતાના ટેન્કરો ગુમાવવા પડશે.' હાલમાં જ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રશાસને ઈરાનને એકલું-અટૂલું પાડવા માટે તેની 20થી વધુ એરલાઈન્સ અને વિદેશી કાર્ગો સેવાઓ પર નવા આર્થિક અને સૈન્ય પ્રતિબંધો પણ લાદી દીધા છે. **ક્રૂડ ઓઈલમાં ભડકો:** આ દરિયાઈ યુદ્ધની સીધી અસર ગ્લોબલ ઓઈલ માર્કેટ પર પડી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડનો ભાવ જુલાઈ પછી પ્રથમ વખત 100 ડૉલર વટાવી ગયો છે. **હોર્મુઝની ખાડીમાં રોક:** વિશ્વના કુલ તેલ પુરવઠાનો પાંચમો ભાગ જે જળમાર્ગેથી પસાર થાય છે તે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' પર કબજો જમાવવા બંને દેશો વચ્ચે હોડ જામી છે. ઈરાને આ માર્ગ પર નવો 'એક્સક્લુઝન ઝોન' (નિષેધ વિસ્તાર) જાહેર કરવાની ધમકી આપી છે. **ટ્રમ્પ માટે રાજકીય મુશ્કેલીઃ** નવેમ્બરમાં યોજાનારી યુએસ મિડટર્મ ચૂંટણીઓ પહેલા તેલના વધતા ભાવ પ્રમુખ ટ્રમ્પ માટે મોટી રાજકીય સમસ્યા ઊભી કરી રહ્યા છે. નિષ્ણાતોના મતે હોર્મુઝની ખાડીની સમસ્યાનો કોઈ સૈન્ય ઉકેલ નથી અને આવા વળતા પ્રહારો વોશિંગ્ટન અને તેહરાનને એવા યુદ્ધ તરફ ધકેલી રહ્યા છે જે અંકુશ બહાર જઈ શકે છે.

**દિલ્હી ડાયરી...**

જોકે, એ આશ્ચર્યની વાત નથી કે, તેઓ થોડા જ દિવસોમાં દિલ્હીની મતદાર યાદીમાં પાછા આવી ગયા. આપએ આરોપ લગાવ્યો છે કે, એપ્રિલમાં પાર્ટી છોડીને ભાજપમાં જોડાયેલા ચઢ્ઢાએ ગયા મહિને પંજાબના ડ્રાફ્ટ એસઆઈઆરમાંથી નામ નીકળી ગયા બાદ દિલ્હીમાં ગેરકાયદેસર રીતે મતદાર તરીકે નામ નોંધાવી લીધું હતું.

**યુવાઓ સુધી પહોંચ અને રેલવે ઇવેન્ટ**

દિલ્હીના જંતર-મંતર પર 'કોકરોચ જનતા પાર્ટી'ના નેતૃત્વમાં વિદ્યાર્થીઓ અને યુવાનોના વિરોધ પ્રદર્શન પછી સરકાર દ્વારા યુવાનો સુધી પહોંચવાના નવા ફોકસ વચ્ચે રેલવેએ યુવાઓની પસંદગીને ધ્યાનમાં રાખીને નવા રંગરૂપ સાથે વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર પૂર્ણ થવાની ઉજવણી કરી. જ્યારે આ કાર્યક્રમનું બુકિંગ ઓનલાઇન પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવ્યું હતું ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે એક ભવ્ય એન્ટ્રીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેઓ જેન ઝી સાથે જોડાવા માટે સખત પ્રયાસ કરી રહ્યા છે. જોકે, અપનાવવામાં આવેલી પદ્ધતિ ખૂબ જ ઉતાવળમાં અને અહંકારથી ભરેલી છે. આમ છતાં, વડા પ્રધાનની શાનદાર એન્ટ્રીનું આયોજન ચીયર કરતી ભીડ, ઉત્સાહવર્ધક સંગીત, એલઇડી સ્ક્રીન પર ચાલતા દૃશ્યો અને એમ્બિયન્ટ લાઇટિંગ વચ્ચે એક રેમ્પ બનાવવામાં આવ્યો હતો. આયોજકોએ જણાવ્યું હતું કે, આ સ્પષ્ટપણે નવી પેઢીઓને સંદેશ આપવા માટે હતું. જેન ઝીને સંદેશ એ હતો કે, દેશની ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્ટોરીમાં પણ મોડર્ન વાઇબ્સ હોઈ શકે છે. આનાથી વધુ કલ્પનાહીન અભિગમ બીજું કોઈ હોઈ શકે નહીં. જંતર-મંતર ખાતેનાં વિરોધ પ્રદર્શનો અને દેશમાં અન્યત્ર યુવાનોના આક્રોશ પછી પણ વડા પ્રધાન મોદીએ 'કોકરોચ જનતા પાર્ટી' અને સમગ્ર યુવાનો દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દા પ્રત્યે કોઈ સહાનુભૂતિ દર્શાવી નથી.

**રાજ્યસભા સાંસદ દિનેશ શર્માની નવી ભૂમિકા**

પોતાના 'શુભ જોડાણ'ને ચાલુ રાખવાની આશા સાથે ભાજપના રાજ્યસભા સાંસદ દિનેશ શર્માએ અંદમાન અને નિકોબાર દ્વીપસમૂહના લેફ્ટનન્ટ ગવર્નર તરીકેના શપથ ગ્રહણ સમારોહ માટે આગામી મંગળવારની પસંદગી કરી છે. ગઈકાલે (મંગળવારે) નવી દિલ્હીમાં ભાજપ મુખ્યાલયની તેમની ટૂંકી મુલાકાત દરમિયાન ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ ઉપમુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, તેમના જીવનની 'સૌથી શુભ ઘટનાઓ' એક શિક્ષણશાસ્ત્રી તરીકે કે રાજકારણી તરીકે, મંગળવારે જ બની હતી. શર્માની રવિવારે આ કેન્દ્રશાસિત પ્રદેશના નવા લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. શર્મા ઉત્તર પ્રદેશમાં ભાજપની રાજકીય અને ચૂંટણી વ્યૂહરચનાઓનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો રહ્યા છે. જોકે, તેમને યુપીના રાજકારણમાંથી હટાવીને રાજ્યસભામાં મોકલવામાં આવ્યા હતા. એવું લાગે છે કે, રાજ્યમાં આગામી વિધાનસભા ચૂંટણી અને ભાજપ સામે બ્રાહ્મણ સમુદાય દ્વારા ખુલ્લેઆમ કરવામાં આવેલા બળવાને ધ્યાનમાં રાખીને તેમની આ નવી જવાબદારીને આ સંદર્ભમાં જોવામાં આવી રહી છે.

### આજનું પંચાંગ

**તા. 10/09/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** શ્રાવણ
**તિથિ:** વદ: ચૌદસ: 10:34: બૃહસ્પતિ પૂજન,
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** ભાદરવા:19
**યોગ :** સિધ્ધ **કરણ:** ચતુષ્પદ
**નક્ષત્ર :** મઘા:- 14:05
**રાશિ:** સિંહ (મ,ટ)
**દિવસ :** અશુભ-પીઠોરી અમાવસ્યા, માતૃકાદિન, વૃષભ પૂજન- હર્ષલવાડી:23:58
**સુરતમાં સૂર્યોદય :** 06:26 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:46
**નવકારસી :** 07:14
**પારસી વર્ષ :** 1396 ફરવરદીન માસનો 27મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448, રબિઉલ અવલ માસનો 27મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ,
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત
**રાહુ કાળ :** બપોરે : 13.30થી 15:00 સુધી

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** જીવન સાથીની સલાહથી સંતાન પરિવારના કામમાં સફળતા મળે. આર્થિક પ્રગતિ થાય. મોજ-શોખના વેપારમાં વિલંબ

**વૃષભ (બ,વ,ઉ,):** બુધ્ધિ કૌશલ્ય પૂર્ણ કરવામાં આવેલ કામ સફળતાનો અનુભવ કરાવશે. નોકરીમાં નવો ફેરફાર થાય.

**મિથુન (ક,છ,ઘ,):** વાણી અને ભાષા પર કાબુ રાખવો. સંવેદન મુદા પર વિવાદ ટાળવો. ભાઈ-બહેનો સાથે ઘર્ષણ થઈ શકે છે.

**કર્ક (ડ,હ,):** કુટુંબ, પરિવારમાં સંબંધોમાં વિશ્વાસ રાખવાથી વાતાવરણ હળવુ બને. વધારાની આવકના યોજના બને.

**સિંહ (મ,ટ,):** નવા કામ તથા નવી યોજના બનાવવા માટે અનુકુળતા રહેશે. સમાજમાં સાવધાની રાખવી. ગુપ્ત ભય સતાવે.

**કન્યા (પ,ઠ,ણ,):** જીવન સાથી સાથે ભાવનાત્મક વ્યવહાર અને વાતચીતથી કુટુંબીક બીન જરૂરી ખર્ચા બચી શકે તેમ છે.

**તુલા (ર,ત,):** નવા ટેકનીકલ અને ક્રિએટીવ વિચારોથી પ્રભાવ વધશે. વિદ્યાર્થીઓની અનુકુળતા વધે. મિત્રોનો સાથ મળે.

**વૃશ્ચિક (ન,ય,):** ઉપરી વર્ગ તમારી કાર્યથી પ્રભાવીત થાય. કરેલી મહેનતનું ફળ મળે. નોકરી-ધંધામાં ધીરજ રાખવી.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આવનાર સમય માટે યોજના બનાવવી. અચાનક નવી તક મળશે. જીવન સાથીની સલાહથી લાભ થાય.

**મકર (ખ,જ,):** પોતના વિચારો બીજા ર લાદવા નહી. આંખની કાળજી રાખવી. ધાર્મિક કામમાં શાંતિ મળે. ખર્ચા વધે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** નવા સામાજીક સંબંધો બંધાય. નોકરીમાં નવી તકથી માન વધે. પારીવારિક પ્રશ્નો હલ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** લેવડ-દેવડમાં ધીરજ રાખવી. હીત શત્રુઓ અને જૂના દર્દોથી સાવધાની રાખવી. ખર્ચા વધશે.

### કોઈ પણ સાલમાં 10 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતી સંઘર્ષ નવી તક, જવાબદારી, દોડધામ વગેરેથી નવું શિખવા મળે અને ટેકનોલોજીનો લાભ મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી અને આરોગ્યની ચિંતા અને ખર્ચા સતાવે. સમાદજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. સંતાનોના અભ્યાસ-કેરીયર- વગેરેમાં પ્રગતિ થાય. સરકારી- કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. નવા લોકોથી સાવધાન રહેવું. ઊંમરલાયકના વિવાહ થાય. વિદેશના કામ ઢીમાં પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. પ્રેમ વિવાહમાં ધીરજ રાખવી. નવા ઘર, વાહન બાબતે વર્ષના મધ્યમમાં સફળતા મળે. નવા રોકાણમાં ધીરજ રાખવી. વારસા, જાયદાત, જમીન જેવા કામમાં મિત્રો-વડીલોની મદદ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શઆંતિ મળે. જુલાઈ-ઓગસ્ટ, રવિ-સોમવાર 01,10,28 તારીખે નવા કામ કરવા. સોનેરી-ભુરાઈ-કથઈ રંગનો ઉપયોગ વધારવો. નવેમ્બર- ડીસેમ્બર, શુક્ર-રવિવાર, 07,16, 25 તારીખે નવા કામ ટાળવા. શ્યામ રંગનો ઉફયોગ ટાળવો. સૂર્યના ઉપાય કરતા રહેવું.